પ્રશ્ન ક્રમાંક:: 15/4/1143
તારીખ:: 12/01/2024
સમય:: 02:49 PM

## તારાંકિત પ્રશ્ન

વિષય: :- રાજ્યમાં પશુપાલન (ચિકિત્સા) અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ બાબત
મંત્રી:- પટેલશ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ
ગૃહમાં મૌખિક જવાબ આપવાની તારીખ:- સોમવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪
અગ્રતા, જો હોય તો:- 1

મોકલનાર/પ્રેષક:
શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ(18) , સભ્યશ્રી

પ્રતિ:
સચિવશ્રી
ગુજરાત વિધાનસભા
ગુજરાત

શ્રીમાન,

ગુજરાત વિધાનસભાના કામકાજના નિયમોના નિયમ ૭૪ અન્વયે હું નીચે મુજબના પ્રશ્નની સૂચના આપું છું.
* પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:- :

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પશુપાલન (ચિકિત્સા) અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની અવધિ ૨૦૨૩માં પુર્ણ થતી હતી તે અનુસાર સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત જગ્યાઓમાં કાયમી ભરતી કરવાના બદલે સીધી ભરતીથી ભરવાના શા કારણો છે,

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**આપનો વિશ્વાસુ**
*શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ(18)*
સભ્યશ્રી
12/01/2024 02:49 PM

*This document is computer generated and signature is not required.*

FOR OFFICE USE

સા૧૬૨૧
પ્રશ્ન દાખલ કરવામાં આવે

[signature] ૬/૧/૨૪

શ્રી.સ.શ્રી
[signature] ૧૬/૧/૨૪
ઉ.પ.શ્રી

ખંડ-૨માં સભ્યશ્રીએ 'કાયમી ભરતી' અને 'સીધી ભરતી' એકબીજાના વિરોધાભાસી શબ્દો હોય તેમ માનીને પૂછેલ જણાય છે, જે કે, બંને શબ્દો એકબીજાના વિરોધાભાસી અર્થવાળા નથી. આથી, ખંડ-2 સિવાયના ખંડ-1, 3, 4 પૂરતો પ્રશ્ન દાખલ કરવામાં આવે.

[signature] ૧૭/૧/૨૪

ના.સ.શ્રી [signature] 17/1/24